| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૩૦/૦૮/૨૦૨૫ |
| દાખલ તારીખ | : | ૩૦/૦૮/૨૦૨૫ |
| નિર્ણય તારીખ | : | ૨૨/૦૫/૨૦૨૬ |
| કુલ અવધિ | : | વર્ષ માસ દિવસ |

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| | | |

# FORM-A

[નામદાર સુપ્રિમકોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017** તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર **VI** ના **179 A**-અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩ તા.૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ]

---

## પોરબંદરના મહે જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલત સમક્ષ, જી. પોરબંદર.

---

**મુસ્તાક અહેમદ ભટ્ટી,**
જીલ્લા ન્યાયાધીશ
જી. પોરબંદર.

**સેશન્સ કેસ નં.૭૯/૨૦૨૫**
**આંક :**

# FORM-A

| એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ-** | જીલ્લો પોરબંદર, પોલીસ મથકઃ બગવદર પો.સ્ટે.<br>વર્ષઃ ૨૦૨૫ પ્રથમ માહીતી અ.ક્રમાંકઃ ૧૧૨૧૮૦૦૩૨૫૦૩૬૧/૨૦૨૫ |
| **ગુન્હોઃ-** | ૧. ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૦૮ |
| **તહોમતનામા મુજબ તહોમતઃ-** | ૧. ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૦૮ |
| **ફરીયાદીઃ-** | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરીયાદીઃ- નીલેશ રામદેભાઇ કારાવદરા) |
| **વિ.પી.પી.શ્રીઃ-** | એસ. બી. જેઠવા |
| **આરોપીઃ-** | **અજય બાલુભાઇ કારાવદરા**<br>રહે.સોઢાણા ગામ, ગરબી ચોકની બાજુમાં, તા.જી.પોરબંદર. |
| **આરોપી તરફે વિ.વ.શ્રીઃ-** | શ્રી એન. જે. જાડેજા |

# FORM-B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખઃ-** | ૧૦/૦૬/૨૦૨૫ ક. ૧૬:૦૦ વાગ્યાના અરસામાં |
| **ફરીયાદની તારીખઃ-** | ૧૨/૦૬/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખઃ-** | ૩૦/૦૮/૨૦૨૫ |

| | |
|---|---|
| તહોમત ફરમાવ્યાની તારીખઃ– | ૦૪/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખઃ– | ૨૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદો રાખ્યાની તારીખઃ– | ૧૪/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખઃ– | ૨૨/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તોઃ– | આરોપીને છોડી મુકતો હુકમ જાહેર કરેલ છે. |

## આરોપીની વિગતો–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | **અજય બાલુભાઇ કારાવદરા** | ૧૯/૦૬/૨૦૨૫ | | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૦૮ | આરોપી ને છોડી મુકવામાં આવ્યા. | લાગુ પડતુ નથી. | |

## FORM-C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે :-

### ફરીયાદપક્ષનો મૌખીક પુરાવો

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | નીલેષ રામદેભાઇ કારાવદરા | ફરીયાદી | ૧૫ |
| ૨. | લાખણશીભાઇ અરજણભાઇ કુછડીયા | સાહેદ | ૨૦ |
| ૩. | ગીગીબેન લાખણશીભાઇ કુછડીયા | સાહેદ | ૨૧ |
| ૪. | જયમલ દેવશીભાઇ કારાવદરા | સાહેદ | ૨૨ |
| ૫. | જયેશ લાખણશીભાઇ કુછડીયા | સાહેદ | ૨૩ |
| ૬. | ડો. નીરાલી રાજશીભાઇ ઓડેદરા | ડોકટર | ૨૬ |
| ૭. | સુરજીત ઘનશ્યામભાઇ મહેડુ | પોલીસ | ૭૭ |
| ૮. | નીતેશ કરશનભાઇ સાદીયા | પોલીસ | ૭૮ |
| ૯ | આશીષકુમાર સુરમાજી બારા | પોલીસ | ૮૦ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**<u>ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | P1/PW1 |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૩. | મરણોતર પંચનામું | ૧૭ |
| ૪. | આરોપીને અટક કર્યાનું પંચનામું | ૧૮ |
| ૫. | મરણ જનારનો મોબાઇલ ફોન કબજે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૬. | ગુજરનાર કાજલબેન વા/ઓ. નીલેશ રામદેભાઇ કારાવદરાની લાશનું પી.એમ. કરવા અંગેની યાદી | P2/PW6 |
| ૭. | પી. એમ. નોટ | P3/PW6 |
| ૮. | પો.સ્ટે.ઓ. બગવદર પો.સ્ટે. પોરબંદર તરફ આ કામે લીધેલ જાહેરાત આધારે જાણવા જોગ દાખલ કરી આગળની તપાસ યોગ્ય તરફ મોકલવા અંગેનો રીપોર્ટ | ૨૮ |
| ૯. | જાણવા જોગ નં. ૧૧/૨૦૨૫ | ૨૯ |
| ૧૦. | મેડીકલ ઓફીસરશ્રી જાડેજા હોસ્પીટલ પોરબંદર તરફ આ કામે ભોગ બનનાર બેભાન અવસ્થામાં હોય સભાન અવસ્થામાં આવે તો તુરંત જાણ કરવા અંગેની યાદી | ૩૦ |
| ૧૧. | પી.એસ.ઓ. બગવદર પો.સ્ટે. પોરબંદર તરફ આ કામે એમ.એલ.સી. નં. ૧૨૫૩/૨૫ ના કામે લીધેલ જાહેરાત આધારે અ.મોત દાખલ કરી આગળની તપાસ યોગ્ય તરફ મોકલી આપવા અંગેનો રીપોર્ટ | ૩૧ |
| ૧૨. | અસાધારણ મૃત્યુ નં. યુ.ડી./૩૦/૨૦૨૫ | ૩૨ |
| ૧૩. | નીલેષ રામદેભાઇ કારાવદરાનાઓની અકસ્માત મોત અંગે કરવામાં આવેલી જાહેરાત | ૩૩ |
| ૧૪. | નાયબ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર ગ્રામ્ય વિભાગ તરફ કરવામાં આવેલ મેસેજ ફોર્મ | ૩૪ |
| ૧૫. | એકઝી. મેજી. પોરબંદર તરફ ઇન્કવેસ્ટ ભરવા પધારવા અંગેનો રીપોર્ટ | ૩૫ |
| ૧૬ | પી.એમ. માટે મોકલતી લાશ સાથે મેડીકલ ઓફીસરને મોકલવાનો પોલીસ રીપોર્ટ | ૩૬ |
| ૧૭ | લાશ સંભાળ્યાની પહોંચ | ૩૭ |
| ૧૮ | લાશ સોંપ્યાની પહોંચ | ૩૮ |
| ૧૯ | નાયબ પોલીસ અધિક્ષક પોરબંદર ગ્રામ્ય તરફ અ.મોત નં. ૩૦/૨૦૨૫ ની આગળની તપાસ સંભાળવા બાબતે કરવામાં આવેલ મેસેજ ફોર્મ | ૩૯ |

| | | |
|---|---|---|
| ૨૦ | પોલીસ અધિક્ષક, પોરબંદર અ.મોત નં. ૩૦/૨૦૨૫ ના કામે મોકલવામાં આવેલ સ્પેશ્યલ રીપોર્ટ | ૪૦ |
| ૨૧ | સુચીપત્ર | ૪૧ |
| ૨૨ | સાયન્ટીફીક ઓફીસર, ફોરેન્સીક ઇન્વે.વાન પોરબંદરનાઓ તરફ કરવામાં આવેલ મેસેજ ફોર્મ | ૪૨ |
| ૨૩ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૩ |
| ૨૪ | મેડીકલ ઓફીસરશ્રી ભાવસિંહજી હોસ્પીટલ તરફ કોમ્પ્યુટરાઇઝડ પી.એમ. નોટ મળવા અંગેનો રીપોર્ટ | ૪૪ |
| ૨૫ | મેડીકલ ઓફીસર જનરલ હોસ્પીટલ, પોરબંદરનાઓ દવારા પી.એમ. નોટ પાઠવ્યા અંગેનો પત્ર | ૪૪-એ |
| ૨૬ | મેડીકલ ઓફીસર, જાડેજા હોસ્પીટલ એન્ડ આઇ.સી.યુ. પોરબંદર તરફ મરણ જનાર કાજલબેન કારાવદરાનું કોમ્પ્યુટરાઇઝ સારવાર સર્ટી. મળવા અંગેનો પત્ર | ૪૫ |
| ૨૭ | જાડેજા હોસ્પીટલ પોરબંદર તરફથી મરણ જનાર કાજલબેન વા/ઓ. નીલેષભાઇ કારાવદરાને આપવામાં આવેલ સારવારના કાગળો | ૪૬ |
| ૨૮ | ડો. એસ.એન.જાડેજા દવારા મરણ જનાર કાજલબેન કારાવદરાને આપવામાં આવેલ સારવાર અન્વયે કાઢી આપવામાં આવેલ સારવાર સર્ટીફીકેટ | ૪૭ |
| ૨૯ | પી.એસ.ઓ. બગવદર પો.સ્ટે. પોરબંદર તરફ આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેનો રીપોર્ટ | ૪૮ |
| ૩૦ | એફ.એસ.એલ. ગાંધીનગર તરફ કબજે કરેલ મુદ્દામાલની તપાસણી કરી અભિપ્રાય આપવા અંગે મોકલવામાં આવેલ મુદ્દામાલ રવાનગી નોંધ | ૪૯ |
| ૩૧ | ઓનલાઇન મુદ્દામાલ રવાનગી પત્રક | ૫૦ |
| ૩૨ | એફ.એસ.એલ. ગાંધીનગર દવારા મુદ્દામાલ સંભાળ્યા બાબતે આપવામાં આવેલ પહોંચ | ૫૧ |
| ૩૩ | નાયબ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરનાઓ તરફ આ કામે સી.ડી.આર./એસ.ડી.આર. મળવા અંગેનો પત્ર | ૫૨ |
| ૩૪ | એનેક્ષર–IX | ૫૩ |
| ૩૫ | પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર તરફ આ કામે સી.ડી.આર./એસ.ડી.આર. મળવા અંગેનો પત્ર | ૫૪ |
| ૩૬ | પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરનાઓ દવારા નોડલ ઓફીસરશ્રી ભારતી એરટેલ લી. અમદાવાદનાઓ તરફ સી.ડી.આર./એસ.ડી.આર.ની સર્ટીફાઇડ કોપી મળવા અંગેનો પત્ર | ૫૫ |
| ૩૭ | મોબાઇલ નં. ૯૬૦૧૪ ૦૨૯૩૨ ની એસ.ડી.આર. એન્ડ કોલ ડટેઇલ | ૫૬ |

| | | |
|---|---|---|
| ૩૮ | મોબાઇલ નં. ૭૨૨૬૮ ૦૯૫૦૧ ની એસ.ડી.આર. ડીટેઇલ | ૫૭ |
| ૩૯ | એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ પાઠવ્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૫૮ |
| ૪૦ | એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી આવેલ મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ | ૫૯ |
| ૪૧ | એન.એચ. અડાલજા સાયન્ટીફીક ઓફીસર, એફ.એસ.એલ. ગાંધીનગર દવારા આપવામાં આવેલ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ ૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૬૦ |
| ૪૨ | ડી.એફ.એસ./ઈ.ઈ./૨૦૨૫/સી.એફ/૧૪૫૬ એનેક્ષર–એ, એ–વન સી.ડી.આર. લખેલ શીલબંધ કવર | ૬૧ |
| ૪૩ | ડી.એફ.એસ./ઈ.ઈ./૨૦૨૫/સી.એફ/૧૪૫૬ એનેક્ષર–બી, બી–૦૧ ડી.વી.ડી. લખેલ શીલબંધ કવર | ૬૨ |
| ૪૪ | નોડલ ઓફીસરશ્રી ભારતી એરટેલ લી. તરફથી મો.નં. ૭૨૨૬૮ ૦૯૫૦૧, ૯૬૦૧૪ ૦૨૯૩૨ ના કામે સર્ટીફાઇડ સી.ડી.આર. સી.એ.એફ. તથા ભારતીયા પુરાવા અધિનિયમની કલમ ૬૩ મુજબનું સર્ટી. પાઠવ્યા અંગેનો પત્ર | ૬૩ |
| ૪૫ | નોડલ ઓફીસરશ્રી ભારતી એરટેલ લી. તરફથી આપવામાં આવેલ સી સેકશન ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ | ૬૪ |
| ૪૬ | કુછડીયા કાજલબેન લાખણશીભાઇનું કસ્ટમર એપ્લીકેશન ફોર્મ | ૬૫ |
| ૪૭ | કારાવદરા અજય બાલુભાઇનું કસ્ટમર એપ્લીકેશન ફોર્મ | ૬૬ |
| ૪૮ | મોબાઇલ નં. ૯૬૦૧૪ ૦૨૯૩૨ ની કોલ ડીટેઇલ્સ | ૬૭ |
| ૪૯ | મોબાઇલ નં. ૭૨૨૬૮ ૦૯૫૦૧ ની કોલ ડીટેઇલ્સ | ૬૮ |
| ૫૦ | નીલેષ રામદેભાઈ કારાવદરા દવારા જાણવા જોગ અંગે કરવામાં આવેલી જાહેરાત | ૬૯ |
| ૫૧ | ગુનો દાખલ કર્યાની સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૨૮ | P4/PW8 |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ આર્ટીકલ નંબર, પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| **૧** | **આર્ટીકલ નં. – ૧ ૫૧/૨૦૨૫ તા.૧૧/૦૬/૨૦૨૫** | (૧) ગ્રે સફેદ તથા કબુતરી કરલની ડીઝાઇનવાળી ચુંદડી એક શીલબંધ બેગીમાં છે તે |
| **૨** | **આર્ટીકલ નં. – ૨ ૫૨/૨૦૨૫ તા.૧૯/૦૬/૨૦૨૫** | (૧) કાળા કલરનો વીવો કંપનીનો મોબાઇલ ફોન જે મોબાઇલ ફોનની પાછળ અંગ્રેજીમાં વિવો લખેલ છે જે મોબાઇલ ફોનના આઇ.એમ.ઇ.આઇ. નં. (૧) ૮૬૦૬૮ ૬૦૭૯૮૩૧૨૭૨ તથા આઇ.એમ.ઇ.આઇ. નં. (૨) ૮૬૯૬૮૬૦૭૯૮૩૧૨૬૪ તથા સીરીયલ નં. ૧૦બી.એફ.ર વિ.૧૪એચ૪૦૦૫આર.ઝેડ. છે જે ચાલુ હાલતનો મોબાઇલ ફોન શીલબંધ બેગીમાં છે તે |
| **૩** | **આર્ટીકલ નં. – ૩ મુ.પા.નં. ૫૪/૨૦૨૫ તા.૨૩/૦૬/૨૦૨૫** | (૧) કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઇલ ફોન જે મોબાઇલ ફોનની પાછળ અંગ્રેજીમાં રેડમી બાય શાઓમી તથા મેડ ઇન ચાઇના મોડેલ એમ.આઇ.૯૦૧એફ૭જી લખેલ છે જે ચાલુ હાલતો મોબાઇલ ફોન સફેદ બેગીમાં શીલબંધ છે તે |

**JUDGMENT**

(૧) ફરીયાદ પક્ષ ધ્વારા આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૦૮ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમત મુકવામાં આવેલ છે.

## ફરીયાદ પક્ષની સંક્ષિપ્ત હકીકતો

(૨) ઉપરોકત તહોમત સંદર્ભેની ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી–નિલેશ રામદેભાઇ કારાવદરાનાઓએ તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ ની.એ.વ્યાસ, એ.એસ.આઇ., બગવદર પો.સ્ટે.પોરબંદર સમક્ષ એવી જાહેરાત કરેલ કે, તા.૧૦.૦૬. ૨૦૨૫ ના રોજ બપોરના બે વાગ્યાના સમયે મે તથા મારી પત્ની તથા મારો દીકરો રૂત્વીક એમ અમો ત્રણેય જણા જમીને આરામ કરતા હતા અને હું સાડા ત્રણ વાગ્યે દુકાન ખોલવાનો સમય થતા મારા ઘરની નીચે રાખેલ મારી શાકભાજીની દુકાન ખોલીને ત્યાં હાજર હતો. ચારેક વાગ્યા આસપાસ મારા ઘરે ઉપર ગયેલ અવાજ આવતા હું મારી દુકાનેથી મારે ઘરે ઉપર ગયેલ તો ઘરનો દરવાજો બંધ હતો. દરવાજો ખખડાવેલ તો મારા દિકરા રૂત્વીકનો અવાજ આવેલ પણ મારી પત્નીએ દરવાજો ખોલેલ નહી. એટલે મે દરવાજાને ધકકો મારતા દરવાજાના જગ્યામાંથી મે જોયું તો મારી પત્ની કાજલ મારા બીજા રૂમના દરવાજાના બારસાખના લોખંડના પારપમાં ગળાફાસો ખાધેલ હાલતમાં લટકતી હતી એટલે દરવાજો તોડવાની કોશીષ કરી અને મારા ભાગીદાર ભીમાભાઇ ખોડાભાઇ કારાવદરાને આ વાત કરી બોલાવેલ જેથી તે આવતા અમો બંન્ને જણાએ મારા ઘરનો દરવાજો તોડી નાખેલ અને મે કાજલ લટકતી હોય તેને ઉંચી કરી અને ભીમાએ ગળેથી છોડી નાખેલ અને આ દરમ્યાન મારા બા સુંદરબેન આવી ગયેલ અને કાજલને નીચે સુવડાવેલ તે દરમ્યાન આડોશી પાડોશી તથા ગોવનામ માલદે ઓડેદરા આવી ગયેલ અને તેણે ૧૦૮ માં કોલ કરેલ અને આ દરમ્યાન મે તથા મારા બા તથા આડોશી પાડોશીએ કાજલને બોલાવતા તે કાઇ બોલતી નહી અનેપછી અમોએ તેને પાણીની છાંટ નાખેલ પણ કાઇ બોલેલ નહી તે પછી ૧૦૮ આવી જતા હું તથા લીલુબેન વા/ઓ. ભીમાભાઇ ખોડા કારાવદરા તથા શાંતીબેન વા/ઓ. હરદાસભાઇ હાથીયાભાઇ કારાવદરા એમ અમો મારી પત્ની કાજલને લઇને પોરબંદર ડો. જાડેજા સાહેબની જાડેજા હોસ્પીટલ એન્ડ આઇ.સી.યુ.માં સાડા પાંચેક વાગ્યે તાત્કાલીક દાખલ કરેલ તે દરમ્યાન મારો શાળો જયેશ તથા મારા સાસુ ગીગીબેન ઉર્ફે પુતીબેન તથા મારો ભાગીદાર ભીમાભાઇ પણ આવી ગયેલ અને દાખલ થયા પછી મારી પત્નીને આંચકી આવવા લાગેલ ને

શ્વાસમાં તકલીફ થતી હોય એટલે તેને દાખલ કર્યાથી અત્યાર સુધી વેન્ટીલેટર પર રાખેલ છે તે બોલતી ચાલતી નથી તેને આંચકી આવે છે. તેની સારવાર ચાલુ છે અને પછી સાડા સાતેક વાગ્યાના સમયે મારા સાસુને બીજા બધા ઘરે જતા રહેલ અને હું તથા મારા પારીવારીક ભત્રીજાની પત્ની શાંતીબેન અહી રોકાયેલા છીએ મારી પત્ની કાજલની સારવાર ચાલુ છે તે બેભાન હાલતમાં છે.

## <u>ગુનાની નોંધણી અને તપાસ</u>

(૩) એ.એસ.આઇ.શ્રી જી. એમ. વ્યાસનાઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની અકસ્માત મોતની જાહેરાત લખી લઈ પોલીસ સ્ટેશને એ.એસ.આઇ. નીતેશ કરશનભાઇ સાદીયાનાઓને મોકલતા તેઓએ ઇગુજકોપમાં એન્ટ્રી કરેલ અને આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષક ગ્રામ્યને સોંપેલી. બાદ નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ સાહેબ રુબરુ ફરીયાદીએ ફરીયાદ જાહેર કરતા તેમના લખાવ્યા મુજબની ફરીયાદી તેઓએ લીધેલ. બાદ ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા માટે મોકલેલ જે પી.એસ.આઇ. એ. એસ. બારાનાઓએ તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૨૮ થી ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ પોતે જ સંભાળેલ ત્યારબાદ આગળની તપાસ આશીસકુમાર સુરમાજી બારાનાઓએ સંભાળેલી અને તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ગુજરનારની લાશનો પી.એમ. રીપોર્ટ કામમાં સામેલ રાખેલ, આરોપીને પંચનામાની વિગતે અટક કરેલ, મરણ જનારનો તથા આરોપીનો ફોન પંચનામાની વિગતે કબજે લીધેલ, આરોપીના સીડીઆર, એસ.ડીઆર. મળવા ના.પો. અધીક્ષક ગ્રામ્યને રીપોર્ટ કરેલ અને કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામમાં સામેલ રાખેલ તેમજ મુદ્દામાલ પરીક્ષણ અર્થે મોકલાવેલ અને મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાંતા આરોપી સામે ચાર્ઝશીટ કરેલ. જે ચાર્જશીટમાં તપાસ કરનારે નીચે મુજબનું આરોપી સામે તહોમત મુકયુ છે.

## <u>ચાર્જશીટ અનુસારનું તહોમતઃ</u>

(૪) તપાસ કરનાર અમલદારે ચાર્જશીટમાં તહોમત મુકેલ છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીની પત્ની મરણ જનાર કાજલબેનને વારંવાર ફોન કરી

તથા ફરીયાદીની ગેરહાજરીમાં તેના ઘરે જઈ મરણ જનારને પોતાની સાથે સંબંધ રાખવા માટે દબાણ કરી મરણ જનાર આરોપી સાથે સંબંધ નહીં રાખે તો તેને બદનામ કરવાની ધમકીઓ આપીને કાયમી માનસીક ત્રાસ આપતાં મરણ જનાર મરવા માટે મજબુર થતાં મરણ જનારે તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ ક. ૧૬:૦૦ વાગ્યાના અરસામાં સોઢાણા ગામ, ફરીયાદીના રહેણાંક મકાને દરવાજાના રમણના સળીયા સાથે ચુંદળી બાંધી ટુંપો ખાઈ મરણ ગયેલ અને તેમ કરી આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૦૮ મુજબનો ગુનો કરેલ છે જેથી આરોપી વિરૂધ્ધ ઈન્સાફ નું કામ ચલાવવા ચાર્જશીટ રજુ કરેલ છે.

(૫) સબંધીત અદાલતના વિધ્વાન બીજા એડી. ચીફ જયુડી.મેજી.શ્રી, પોરબંદરનાઓએ ક્રિમીનલ કેસ નંબર-૨૯૩૨/૨૦૨૫ થી નોંધાયેલ કામમાં આરોપી સામેનાં ગુના સબબની જોગવાઈઓ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા એકમાત્ર સેશન્સ અદાલતને હોવાનું દર્શાવતા હોવાથી સબંધીત વિધ્વાન એડી. ચીફ જયુડી.મેજી.શ્રી પોરબંદરનાઓએ બી.એન.એસ.એસ. કલમ-૨૩૨ હેઠળ કમીટલ હુકમ કરી સદર કેસ સેશન્સ કમીટ કરવા હુકમ કરેલ અને તે રીતે હાલનો કેસ આ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી માટે આવતા સદરહું કેસ અત્રેની સેશન્સ અદાલત ખાતે સેશન્સ કેસ નંબર-૭૯/૨૦૨૫ થી નોંધવામાં આવેલ.

(૬) ત્યારબાદ આરોપીને હાજર રખાવવામાં આવેલ.આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી હાજર થયેલ તથા ફરીયાદપક્ષે વિધ્વાન પી.પી.શ્રી હાજર થયા બાદ આરોપી વિરૂધ્ધના તહોમતનામા સબંધેની સુનાવણી હાથ ધરવામાં આવેલ અને સુનાવણીના અંતે આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી સબબના પુરતા કારણો હોઈ આરોપી વિરૂધ્ધ તેમની સામેના ગુનાઓ સબબ આંક-૧૨ થી વિગતવારનું લેખીત તહોમતનામું ફરમાવી,વાંચી સંભળાવી આરોપીના તહોમતનામા અંગે આંક-૧૩ થી નિવેદન નોંધવામાં આવતા,જેમાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાનો સ્વીકાર ન કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૭) ત્યારબાદ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓ નોંધવાની કાર્યવાહી કરવામાં આવેલ અને વિધ્વાન પી.પી.શ્રીએ આંક-૮૨ થી પુરાવો પુર્ણ

થયાનું જાહેર કરતા બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમની સામેના પુરાવાઓનો મહદઅંશે ઈન્કાર કરી,તેમને સોગંદ ઉપર જુબાની આપવી નથી અને બચાવના સાહેદો તપાસવા નથી.તેમજ વિશેષમાં જણાવે છે કે,તેઓ નિર્દોષ છે.તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોવા છતા તપાસ કરનાર અધીકારીએ આરોપીની ખોટી રીતે ધરપકડ કરીને ખોટા પંચનામા કરીને અને સાહેદોના નિવેદનો ખોટા લઇને આરોપી વિરૂધ્ધ પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.ફરીયાદપક્ષ ફરીયાદ મુજબની હકીકતો સાબીત કરી શકેલ નથી.જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા અરજ છે.

**<u>ફરીયાદ પક્ષે દલીલ</u>**

(૮) ફરિયાદપક્ષે વિધ્વાન પી.પી.શ્રી એસ. બી. જેઠવાએ તેમની મૌખીક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, આ કામના મરણજનાર કાજલબેન વા/ઓ. નીલેશ રામદેભાઇ કારાવદરા, કે જેઓ હાલના કામના ફરીયાદીના પત્ની થતા હતા અને આરોપીએ મરણજનાર કાજલબેનને વારંવાર ફોન કરી તથા ફરીયાદીની ગેરહાજરીમાં તેના ઘરે જઇ મરણ જનારને પોતાની સાથે સંબંધ રાખવા માટે દબાણ કરેલ અને આરોપી સાથે સંબંધ નહી રાખે તો તેને બદનામ કરી દેવાની ધમકીઓ આપીને કાયમી માનસીક ત્રાસ આપતા અને સદર ત્રાસ સહન ન થતાં ગુજરનાર કાજલબેને પોતાના ઘરે તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ દરવાજાના રમણના સળીયા સાથે ચુંદડી બાંધી ટુપો ખાઇ આપઘાત કરેલ. જે સબંધે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની તેમજ મેડીકલ ઓફીસરની જુબાની તેમજ પી.એમ.નોટ, પંચનામાઓ લક્ષમાં લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

**<u>આરોપી પક્ષ તરફે દલીલઃ–</u>**

(૯) આરોપી પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી એન. જે. જાડેજાનાઓએ પોતાની મૌખીક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી તથા મહત્વના સાહેદોને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને વિ. પી.પી.શ્રી દવારા તેઓની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષને સમર્થન મળી રહે

તેવી કોઈ હકીકત ફરીયાદી તથા મહત્વના સાહેદો જણાવતા નથી. આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે તેમજ ડોકટર સાહેદો તથા પોલીસ સાહેદો તેમની ફરજ દરમ્યાન પોતે કરેલ કાર્યવાહી અંગે ઔપચારીક જુબાની આપતા હોય તેથી તેઓનો પુરાવો સાબીત માની શકાય તેમ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીની આ ગુનામાં સંડોવણી હોય તેવો લેશમાત્ર પુરાવો જણાતો ન હોય અને ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

## // **મુદા** //

**(૧૦)** ઉપરોકત તમામ વિગતોએ હાલનાં કેસનાં ન્યાયિક નિકાલ માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

**(૧)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના પત્ની કાજલબેન વા/ઓ. નીલેશ રામદેભાઇ કારાવદરાનાઓએ ફરીયાદીના ઘરે તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ ઘરના દરવાજાના રમણના સળીયા સાથે ચુંદડી બાંધી ટુંપો ખાઈ લેતા મરણ ગયેલ અને તેમ કરી મૃતક અકુદરતી રીતે મૃત્યુ પામેલ છે?

**(૨)** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એવુ પુરવાર કરે છે કે,ઉપરોકત હકીકતે મૃતકને આપઘાત કરવા માટે આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮ ની જોગવાઈ અનુસારનું દુષ્પ્રેરણ કરી ગુનો કરેલ છે?

**(૩)** શું હુકમ ?

**(૧૦.૧)** ઉપરોકત મુદાઓ પરના ટુંકમાં નિર્ણયો તથા નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) હ કા ર માં.
(૨) ન કા ર માં.
(૩) આખરી હુકમ મુજબ

## //**<u>નિર્ણય અંગેના કારણો</u>** //

**<u>મુદા નં.૧ થી ૨</u>**

**(૧૧)** ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૮ મુજબના ગુના સબબનું તહોમત મુકેલ છે, ત્યારે ફરીયાદપક્ષે સદરહું કલમની જોગવાઇ માં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિઃશંક પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવાની કાનૂની જવાબદારી રહેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામે જે ગુન્હાનું તહોમત મુકેલ હોય તે નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો હમેશાં ફરીયાદપક્ષ ઉપર રહે છે. જયાં સુધી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરે નહી ત્યાં સુધી આરોપીની નિર્દોષતા અંગેનું અનુમાન અસ્તિત્વમાં રહે છે.આ સ્થાપીત કાનૂનની સ્થિતીના પરિઘમાં ફરીયાદ પક્ષના કેસ સંદર્ભે હાલના કેસમાં પડેલ પુરાવાનું ન્યાયીક મુલ્યાંકન હાથ ધરીશું.

**(૧૨)** ફરિયાદપક્ષનો કેસ એવો છે કે,આરોપીએ મૃતકને આપઘાત કરવા દુષ્પ્રેરણ કર્યુ હતુ જેથી આ કામના મૃતકે આપઘાત કરેલ છે. આમ,આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા સારૂ મૃતક ધ્વારા આપઘાત કરવાના ઈરાદે ચુંદડી વડે ગળે ટુંપો દઈ આત્મહત્યા કરેલ છે. આમ આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા સારૂ મૃતક દ્વારા આપઘાત કરવાના ઈરાદે ચુંદડી વડે ગળે ટુંપો દેવાથી મૃતક અકુદરતી રીતે મૃત્યુ પામેલ હતા તેવી હકીકતો ફરીયાદપક્ષે પ્રથમ સાબીત કરવી પડે.

**(૧૩)** ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાકીય હકીકતો જોવામાં આવે તો, મૃતક કાજલબેનના પતિ, આ કામના મુળ ફરીયાદી–નીલેશ રામદેભાઇ કારાવદરાની આંક–૧૫ ની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ વખતે તેઓ દુકાને હતા અને તેમના ગુજરનાર પત્ની કાજલ અને પુત્ર રૂત્વીક ઉપરનામાળે તેમના ઘરમાં હતા. તેઓ તેમની દુકાનની વસ્તુ લેવા માટે ઘરના ઉપરના માળે ગયેલ તોદરવાજો અંદરથી બંધ હતો. તેઓએ દરવાજો ઠપકારેલ તો ખોલેલ નહી અને તેઓએ દરવાજાને ધકકો મારી તડમાંથી જોતા તેમપ ત્નીઘરમાં માળીયામાં ચુંદડીથી ગળાફાસો ખાધેલી હાલતમાં લટકતા હતા. બાદ તેમના પાર્ટનર ભીમાભાઇને અવાજ કરી બોલાવતા તેઓ આવેલ પછી તેઓ બંનેએ પાઇપ દવારા

દરવાજો તોડીને અંદર ગયેલા અને ત્યારે ગૌતમભાઇ પણ આવી ગયેલા હતા અને તેઓએ તેમની પત્નીને કમરના ભાગેથી ઉંચી કરેલી અને ભીમાભાઇએ તેમની પત્ની એ ગળામાં ચુંદડી વીટાળેલ હતી તે કાઢી નાખેલી. પછી તેમની પત્નીને બોલાવતા તે બોલેલ નહી અને પાણી છાટેલ પરંતુ તેણે કોઇજ વાબ આપેલ નહી. ત્યારબાદ એમ્બ્યુલન્સમાં તેમની પત્નીને ડો.જાડેજા સાહેબની હોસ્પીટલે લઇ ગયેલ ને ત્યાં આઇસીયુમાં તેની સારવાર ચાલુ કરેલ. તેમની પત્નીને આચકી જેવું આવતું હતું અને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી બાદ બીજે દીવસે તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૯-૯:૩૦ વાગ્યે ડોકટરે તેમની પત્નીને મૃત જાહેર કરેલા. આંક-૨૦ થી તપાસવામાં આવેલ સાહેદ-લાખણશીભાઇ અરજણભાઇ કુછડીયા કે જેઓ મરણ જનારના પિતા થાય છે તેમની જુબાનીમાં તેમની દીકરીને દવાખાને દાખલ કકરેલી અને તે ગુજરી ગયેલાનું જણાવે છે તથા આંક-૨૧ થી તપાસવામાં આવેલ સાહેદ-ગીગીબેન લાખણશીભાઇ કુછડીયા કે જેઓ મરણ જનારના માતા થતા હોય તેઓને બનાવની જાણ થતા તેઓ ડો. જાડેજા સાહેબના દવાખાને ગયેલ ત્યાં તેમની દીકરીને દાખલ કરેલ હતી પરંતુ તે કાઇ બોલી ચાલી શકતી ન હતી અને બે દીવસ પછી તેમની દીકરીનું અવશાન થયેલાનું જણાય છે. આંક-૨૨ થી તપાસવામાં આવેલ સાહેદ-જયમલ દેવશીભાઇ કારાવદરા તેમના મીત્રની પત્ની કાજલે ગળાફાસો ખાઇ આત્મહત્યાનો પ્રયત્ન કરેલ હોવાની જાણ થયેલ અને કાજલેબનને ડો. જાડેજાની હોસ્પીટલમાં દાખલ કરેલ હતા અને બીજે દીવસે તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજેલાનું જણાવે છે. આંક-૨૩ થી તપાસવામાં આવેલ સાહેદ-જયેશ લાખણશીભાઇ કુછડીયા કે જેઓ મરણ જનારના ભાઇ થાય છે અને તેમની બહેન તેના ઘરે ટુપો ખાતા સારવાર દરમીયાન તેનું મરણ નીપજેલાનું જણાવે છે. આંક-૨૬ થી તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસર-ડો. નીરાલી રાજશીભાઇ ઓડેદરાની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓએ મરણજનાર કાજલબેનની લાશનું પી.એમ.કરેલ તે સબંધેની હકીકત જણાવી મરણજનાર કાજલબેનના મૃત્યુના કારણમાં ગળેફાસો ખાવાને લીધે હદય અને ફેફસાને ઓકસીજન ન મળતા હદય અને ફેફસા ફેઇલ થવાથી થયેલાનું જણાવે છે. આમ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત મૌખિક પુરાવો તેમજ પી.એમ. નોટ, ફરીયાદ વિગેરે હકીકતો લક્ષમાં લેતા મરણજનાર કાજલબેનનું મૃત્યુ અકુદરતી રીતે ગળે ટુંપો ખાવાના લીધે હદય અને ફેફસાને ઓકસીજન ન મળતા હદય

અને ફેફસા ફેઈલ થવાને કારણે થયેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોય જેથી **મુદા નં.૧ નો જવાબ "હકારમાં"** આપવામાં આવે છે.

**(૧૪)** આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત માહેના ગુના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮ ની જોગવાઇ આપઘાતનું દુષ્પ્રેરણ કરવામાં આવ્યુ હતુ તેવુ પુરવાર કરવામાં આવે તો જ આ જોગવાઇ આકર્ષાય છે. કલમ–૧૦૮ ની ઉપરોકત જોગવાઇમાં પ્રયોજવામાં આવેલ "દુષ્પ્રેરણ" ને સમજવા સારૂ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ ની જોગવાઇ તથા "દુષ્પ્રેરણ" માટે કલમ–૧૦૮ ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી જણાય છે.જે નીચે મુજબ છે.

## Section 108, Abetment of Suicide.

If any person commits suicide, whoever abets the commission of such suicide, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

**(૧૫)** આમ,ઉપરોકત કલમ મુજબ કોઇ વ્યકિતને દુષ્પ્રેરણ કરવામાં આવ્યુ છે તે ત્યારે જ કહી શકાય કે જે જયારે એક વ્યકિત બીજી વ્યકિતને કોઈ કૃત્ય કરવા માટે ઉશ્કેરસે અથવા કાવતરામાં સામેલ થઇ કાવતરાને અનુસરીને તે કરવા માટે કોઈ કૃત્ય કરે કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળશે અથવા કોઈ કૃત્ય કરીને કે કરવાનું ગેરકાયદેસર ટાળીને કોઇ કૃત્ય કરવામાં ઈરાદાપુર્વક મદદ કરે.

**(૧૬)** એ પ્રસ્થાપીત છે કે, કલમ–૧૦૮ ના દાયરામાં કેસ લાવવા માટે આત્મહત્યાનો કેસ હોવો જોઇએ અને આ અપરાધમાં જે વ્યકિતએ આત્મહત્યા માટે પ્રેરીત કરેલ હોવાનું કહેવાય છે તેણે ઉશ્કેરણી અથવા આત્મહત્યાના આયોગને સરળ બનાવવા માટે ચોકકસ કૃત્ય કરીને કોઈ કૃત્ય ધ્વારા સક્રિય ભુમીકા ભજવી હોવી જોઇએ. તેથી જ કલમ–૧૦૮ હેઠળ દોષીત ઠેરવવામાં આવે તે પહેલા ફરીયાદપક્ષ ધ્વારા ઉકત ગુના માટે આરોપી વ્યકિત ધ્વારા ઉશ્કેરણીનું કૃત્ય સાબિત અને સ્થાપિત કરવુ આવશ્યક છે.

**(૧૬.૧)** નામદાર સર્વોચ્ચ અદાલતના **Kamalakar vs. State of Karnataka , Criminal Appeal No. 1485 of 2011**,ન્યાય નિર્ણય

તારીખ:12.10.2023 નાં તાજેતરના ચુકાદામાં કલમ–૩૦૬ના ઘટકો બાબતે અવકલોન કરવામાં કરવામાં આવ્યુ છે અને ઠરાવવામાં આવ્યુ છે કે ,

*"8.2. Section 306 IPC penalizes abetment of commission of suicide.To charge someone under this Section, the prosecution must prove that the accused played a role in the suicide. Specifically,the accused's actions must align with one of the three criteria detailed in Section 107 IPC. This means the accused either encouraged the individual to take their life, conspired with others to ensure the person committed suicide, or acted in a way (or failed to act) which directly resulted in the person's suicide.*

*8.3. In **Ramesh Kumar v. State of Chhattisgarh1**, this Court has analysed different meanings of "instigation". The relevant para of the said judgment is reproduced herein:*

*"20. Instigation is to goad, urge forward, provoke, incite or encourage to do "an act".To satisfy the requirement of instigation though it is not necessary that actual words must be used to that effect or what constitutes instigation must necessarily and specifically be suggestive of the consequence. Yet a reasonable certainty to incite the consequence must be capable of being spelt out. The present one is not a case where the accused had by his acts or omission or by a continued course of conduct created such circumstances that the deceased was left with no other option except to commit suicide in which case an instigation may have been inferred. A word uttered in the fit of anger or emotion without intending the consequences to actually follow cannot be said to be instigation."*

*8.4. The essentials of Section 306 IPC were elucidated by this Court in M. Mohan v. State2, as under:*

*"43. This Court in **Chitresh Kumar Chopra v. State (Govt. of NCT of Delhi) [(2009) 16 SCC 605 : (2010) 3 SCC (Cri) 367]** had an occasion to deal with this aspect of abetment. The Court dealt with the dictionary meaning of the word "instigation" and "goading". The Court opined that there should be intention to provoke, incite or encourage the doing of an act by the latter. Each person's suicidability pattern is different from the others. Each person has his own idea of selfesteem and selfrespect. Therefore, it is impossible to lay down any straitjacket formula in dealing with such cases. Each case has to be decided on the basis of its own facts and circumstances.*

*44. Abetment involves a mental process of instigating a person or intentionally aiding a person in doing of a thing. Without a positive act on the part of the accused to instigate or aid in committing suicide, conviction cannot be sustained.*

*45. The intention of the legislature and the ratio of the cases decided by this Court are clear that in order to convict a person under Section 306 IPC there has to be a clear mens rea to commit the offence. It also requires an active act or direct act*

*which led the deceased to commit suicide seeing no option and this act must have been intended to push the deceased into such a position that he/she committed suicide."*

*8.5. The essential ingredients which are to be meted out in order to bring a case under Section 306 IPC were also discussed in Amalendu Pal alias Jhantu v. State of West Bengal3 in the following paragraphs:*

*"12. Thus, this Court has consistently taken the view that before holding an accused guilty of an offence under Section 306 IPC, the court must scrupulously examine the facts and circumstances of the case and also assess the evidence adduced before it in order to find out whether the cruelty and harassment meted out to the victim had left the victim with no other alternative but to put an end to her life. It is also to be borne in mind that in cases of alleged abetment of suicide there must be proof of direct or indirect acts of incitement to the commission of suicide. Merely on the allegation of harassment without there being any positive action proximate to the time of occurrence on the part of the accused which led or compelled the person to commit suicide, conviction in terms of Section 306 IPC is not sustainable.*

*13. In order to bring a case within the purview of Section 306 IPC there must be a case of suicide and in the commission of the said offence, the person who is said to have abetted the commission of suicide must have played an active role by an act of instigation or by doing certain act to facilitate the commission of suicide. Therefore, the act of abetment by the person charged with the said offence must be proved and established by the prosecution before he could be convicted under Section 306 IPC."*

(૧૬.૨) **Swami Prahaladdas v. State of M.P 1995 Supp. (3) SCC 438, Sanju v. State of M.P (2002) 5 SCC 371**ના ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલત દવારા ઠરાવવામાં આવ્યુ છે કે, જયારે ઉચ્ચારણ કરવામાં આવેલ શબ્દો આકસ્મિક પ્રકૃતિના પ્રાંસગીક હોય અને ઘણીવાર ઝઘડો કરનાર વ્યકિતઓ વચ્ચે આવેશમાં ઉપયોગમાં લેવાતા હોય અને જેનાથી કંઈપણ ગંભીર બનાવાની આશંકા ન હોય તો તેને આપઘાત માટે ઉશ્કેરણી ન માની શકાય.

(૧૬.૩) **Ramesh Kumar v. State of Chhatisgarh (2001) 9 SCC 618,**ના ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલત દવારા ઠરાવવામાં આવ્યુ છે કે,ઉશ્કેરણીની રચના કરવા માટે તે દર્શાવવું આવશ્યક છે કે આરોપીએ તેના કૃત્યો અથવા ગેરકાયદે કાર્યલોપના દ્વારા અથવા તેના સતત આચરણ દ્વારા એવા સંજોગો ઉભા કર્યા હતા કે

જેથી મૃતક પાસે આત્મહત્યા સિવાય અન્ય કોઈ વિકલ્પન હતું. આરોપી દ્વારા ઉચ્ચારવામાં આવેલા શબ્દો પરિણામનું સૂચક હોવા જોઈએ.

(૧૬.૪) **Amalendu Pal v. State of West Bengal (2010) 1 SCC 707,**ના ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલત દવારા ઠરાવવામાં આવ્યુ છે કે, આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાના પ્રત્યક્ષ કે પરોક્ષ કૃત્યો હોવા જ જોઈએ. ફરજિયાતપણે તે દર્શાવવુ જોઇએ કે, આરોપીએ મૃતકને આત્મહત્યા કરવા ઉશ્કેરવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી અથવા આત્મહત્યાને સરળ બનાવવા માટે ચોક્કસ કૃત્યો કર્યા હતા.

(૧૬.૫) **Madan Mohan Singh v. State of Gujarat (2010) 8 SCC**, ના ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલત ધવારા ઠરાવવામાં આવેલ છે કે, આરોપીનો ઈરાદો હોવો જોઈએ અથવા તો તે જાણતો હોવો જોઈએ કે તેના કૃત્યો અથવા કાર્યલોપના કારણે મૃતક આત્મહત્યા કરશે.

(૧૭) ઉપરોકત માપદંડોને વર્તમાન કેસના તથ્યોને લાગુ પાડીને સમગ્ર કેસ તથા ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાઓની હકીકતોનો અભ્યાસ કરીએ તો, ફરીયાદપક્ષના ફરીયાદી નીલેષ રામદેભાઈ કારાવદરા આંક–૧૫ થી સાહેદ નં.૧ તરીકે પુરાવો આપે છે કે, બનાવ વખતે તેઓ દુકાને હતા અને તેમના ગુજરનાર પત્ની કાજલ અને પુત્ર રૂત્વીક ઉપરના માળે તેમના ઘરમાં હતા. તેઓ તેમની દુકાનની વસ્તુ લેવામાટે ઘરના ઉપરના માળે ગયેલ તોદરવાજો અંદરથી બંધ હતો. તેઓએ દરવાજો ઠપકારેલ તો ખોલેલ નહી અને તેઓએ દરવાજાને ધકકો મારી તડમાંથી જોતા તેમપ ત્નીઘરમાં માળીયામાં ચુંદડીથી ગળાફાસો ખાધેલી હાલતમાં લટકતા હતા. બાદ તેમના પાર્ટનર ભીમાભાઈને અવાજ કરી બોલાવતા તેઓ આવેલ પછી તેઓ બંનેએ પાઇપ દવારા દરવાજો તોડીને અંદર ગયેલા અને ત્યારે ગૌતમભાઇ પણ આવી ગયેલા હતા અને તેઓએ તેમની પત્નીને કમરના ભાગેથી ઉંચી કરેલી અને ભીમાભાઇએ તેમની પત્ની એ ગળામાં ચુંદડી વીટાળેલ હતી તે કાઢી નાખેલી. પછી તેમની પત્નીને બોલાવતા તે બોલેલ નહી અને પાણી છાટેલ પરંતુ તેણે કોઇજ વાબ આપેલ નહી. ત્યારબાદ એમ્બ્યુલન્સમાં તેમની પત્નીને ડો.જાડેજા સાહેબની હોસ્પીટલે લઇ ગયેલ ને ત્યાં આઇસીયુમાં તેની સારવાર ચાલુ કરેલ. તેમની પત્નીને આચકી જેવું આવતું હતું

અને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી બાદ બીજે દીવસે તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ સાંજે ૯–૯:૩૦ વાગ્યે ડોકટરે તેમની પત્નીને મૃત જાહેર કરેલા. બનાવ બાબતે તેઓએ પોલીસ ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. જે ફરીયાદ આંક–પી–૧/પીડબલ્યુ–૧ થી રજુ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તેમના પત્નીને મૃત જાહેર કર્યા બાદ તેણીનું પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ અને તે વખતે તેમના પત્નીની લાશ તેઓએ ઓળખી બતાવેલ. તેમના પત્નીએ શુ કારણથી આપઘાત કરેલ તેની તેમને જાણ નથી. એવુ બનેલ નથી કે બનાવના દીવસે તેમને કોઇ વ્યકતીએ ફોન કરી જણાવેલ હોય કે તેમના પત્નીએ ઉપરના રુમમા ગળેફાસો ખાય છે જેથી ઘરે જલદી જાવ અને તેઓ ફોન ચાલુ રાખી તેમના ઘરના ઉપરના ભાગે ગયેલો હોય. એવુ પણ બનેલ નહી કે તેમના પત્નીની સારવાર ચાલુ હોય તે અરસામા આવીને કોઈ વ્યકતી ત્યા આવીને સતત તેમના પત્નીના ફોન બાબતે પુછપરછ કરતા તેઓએ ફોન ઘરે છે તેવુ જણાવતા આ તેમની પત્નીનો ફોન કોઇ વ્યકતીની મમ્મી તેમના ઘરેથી લઈ ગયેલ હોય તેમજ તેમના મીત્ર દવારા આ તેમના પત્નીને કોઇ વ્યકતી સબંધ રાખવા માટે દબાણ કરતો હોય જેની જાણ તેમના મીત્રને થઇ જતા તેણે પણ આ બાબતે તેમના પત્ની સાથે વાત કરેલ હોય અને તેમને પણ તેમની પત્નીએ ટુપો ખાધા બાદ આ બાબતે જાણવા મળેલ હોય. આ સીવાય તેઓ કાઈ જાણતા નથી અને કાઇ કહેવા માગતા નથી. ફરીયાદીને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત ફરીયાદી જણાવતા નથી.

જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાત સ્વિકારે છે કે, તેમની પત્નીએ કાય કારણથી આત્મહત્યા કરેલી તેની તેમને કોઇ જાણ નથી. તેઓ એ વાત સ્વિકારે છે કે, તેઓએ પોલીસ સમક્ષ માત્ર તેમની પત્નીએ આત્મહત્યા કરેલી છે તેટલી જ વિગત લખાવેલી અને તેણીએ કયા કારણથી આત્મહત્યા કરેલી છે તે બાબત લખાવેલી નહી. તેઓ એ વાત સ્વિકારે છે કે, ફરીયાદમાં માત્ર સહી કરેલી તેમાં શું લખેલ છે તે તેઓએ વાચેલ નહી અને પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. વધુમાં તેઓ ઉલટ તપાસમાં જણાવે છે કે, આરોપી તેમના ગામનો હોય તે રીતે અગાઉથી ઓળખે છે. તેઓ એ વાત સ્વિકારે છે કે, તેમના પત્ની લાગણીશીલ અને સંવેદનશીલ સ્વભાવના હતા. તેઓ એ વાત સ્વિકારે છે કે,

તેમની પત્નીએ તેમને કે તેમના કુટુંબીજનો કે તેના પીયરપક્ષના માણસોને તેને કોઇ તકલીફ બાબતે કહેલ નથી.

આમ, ફરીયાદીની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની સરતપાસ કે ઉલટ તપાસમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. તેઓને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવ્યા છે. વધુમાં આ કામે કોઇ સ્યુસાઇડ નોટ પણ રજુ થયેલ નથી કે આરોપીના ત્રાસના કારણે જ ગુજરનાર કાજલબેને ગળે ટુંપો દઇ આપઘાત કરેલ હોય તેવી હકીકત પણ તેઓ જણાવતા નથી. ઉલટ તપાસમાં પણ ફરીયાદીએ તેમની પત્નીએ કયા કારણથી આપઘાત કરેલ તે બાબત લખાવેલ ન હોવાનું તેમજ તેની પત્નીએ તેમને કે તેમના કુટુંબીજનો કે તેના પીયરપક્ષના માણસોને તેને કોઇ તકલીફ બાબતે કહેલ ન હોવાનું સ્વીકારેલ છે. ફરીયાદીની ફરીયાદ જોતાં તેમાં પણ ફરીયાદીએ આરોપીના ત્રાસના કારણે ગુજરનાર તેમની પત્ની કાજલબેને આપઘાત કરેલ હોય તેવી કોઇ વિગત જણાવેલી નથી. તેથી આ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી.

**(૧૭.૧)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨ થી મરણજનાર કાજલબેનના પિતા સાહેદ–લાખણશીભાઇ અરજણભાઇ કુછડીયા ની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ જણાવે છે કે, તેમની દીકરી કાજલનો બનાવ નવેક મહીના પહેલા બનેલો. બનાવની જાણ તેમને ફોન દવારા થયેલી તે ફોન કોનો હતો તેની જાણ નથી કારણ કે ફોન તેમના ઘરવાળા ઉપર આવેલો. તેમની દીકરી કાજલને દવાખાને દાખલ કરેલી અને તે ગુજરી ગયેલી ત્યારે તેમના ઘરનાઓએ જાણ કરેલી અને તેનું પી.એમ. કરવામાં આવેલું અને તેની અંતીમ વીધી તેના સાસરીયા દવારા સોઢાણા ગામે કરવામાં આવેલી. આ તેમની ગુજરનાર દીકરી કાજલના બનાવ બાબતે તેમના જમાઇએ તેમને વાત કરતા ખબર પડેલ હોય તેવું કાંઇ બનેલ નહી. બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી. આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત સાહેદ જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાત સ્વીકારે છે કે, પોલીસે ફકત તેમનું નામ ઠામ પુછેલું બીજુ તેઓએ કાઇ લખાવેલ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની સરતપાસ કે ઉલટ તપાસમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. તેઓને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવ્યા છે. વધુમાં આ કામે કોઇ સ્યુસાઇડ નોટ પણ રજુ થયેલ નથી કે આરોપીના ત્રાસના કારણે જ ગુજરનાર કાજલબેને ગળે ટુંપો ખાઇ આપઘાત કરેલ હોય તેવી હકીકત પણ તેઓ જણાવતા નથી. તેઓ બનાવ બાબતે બીજુ કાઇ જાણતા ન હોવાનું જણાવે છે. આમ સદરહું સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૭.૨)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩ આંક–૨૧ થી મરણજનાર કાજલબેનના માતા સાહેદ–ગીગીબેન લાખણશીભાઇ કુછડીયાની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ જણાવે છે કે, કાજલબેનનો બનાવ નવેક મહીના પહેલા બનેલો. બનાવની જાણ તેમના જમાઇ નીલેષ દવારા થતા તેઓ અને તેમનો દીકરો જયેશ ડો. જાડેજા સાહેબના દવાખાને ગયેલા ત્યાં તેમની દીકરીને દાખલ કરેલી હતી પરંતુ તે કાઇ બોલી શકતી ન હતી જેથી તેમને કોઇ વાતચીત થયેલી નહી અને ત્યારબાદ બે દીવસ પછી તેમની દીકરીનું અવશાન થયેલું અને તેનું પી.એમ. કરવામાં આવેલ અને તેની અંતીમ વીધી તેના સાસરીયા દવારા સોઢાણા ગામે કરવામાં આવેલી. વધુમાં સાહેદ જણાવે છે કે, એવું બનેલ નહી કે તેમનો કોઇ સંબંધી તેમના ઘરે આવેલ અને તેમની ગુજરનાર દીકરી કાજલનો મોબાઇલ આપી ગયેલ હોય અને આ ફોન કોઇ તેમની પાસેથી લઇ ગયેલ હોય અને બનાવ બાબતે તેમને કોઇએ વાત કરતા જાણવા મળેલ હોય. વધુમાં સાહેદ જણાવે છે કે તેમની દીકરીએ કયા કારણે આપઘાત કરેલ તે બાબતે તેઓ કાઇ જાણતા નથી કે તેમને કાઇ જાણવા મળેલ નથી. આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત સાહેદ જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાત સ્વીકારે છે કે, પોલીસે ફકત તેમનું નામ ઠામ પુછેલું બીજું તેઓએ કાઇ લખાવેલ નહી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની સરતપાસ કે ઉલટ તપાસમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. તેઓને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવ્યા છે. વધુમાં આ કામે કોઇ

સ્યુસાઇડ નોટ પણ રજુ થયેલ નથી કે આરોપીના ત્રાસના કારણે જ ગુજરનાર કાજલબેને ગળે ટુંપો ખાઇ આપઘાત કરેલ હોય તેવી હકીકત પણ તેઓ જણાવતા નથી. આ સાહેદ તેમની દીકરીએ કયા કારણે આપઘાત કરેલ તે બાબતે તેઓ કાંઇ જાણતા ન હોવાનું પણ જણાવે છે. આમ સદરહું સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૭.૩)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૪ **આંક–૨૨** થી મરણજનાર કાજલબેનના પતીના મીત્ર સાહેદ–જયમલ દેવશીભાઇ કારાવદરાની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ જણાવે છે કે, બનાવ દસેક મહીના પહેલા બનેલો. તેઓ બનાવના દીવસે રામભાઇના ખેતરે સોઢાણા આવેલ છે ત્યાં વાવણીનું કામ કરતા હતા ત્યારે તેમના પાડોશી જેઠાભાઇએ તેમને ફોનથી જાણ કરેલ કે તારા મીત્રી નીલેશની પત્ની કાજલે ગળાફાસો ખાઇ આત્મહત્યાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે કાજલબેનને ડો. જાડેજાની હોસ્પીટલમાં દાખલ કરેલ હતા અને બીજે દીવસે તેમનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજેલ. કાજલબેને આત્મહત્યા શા માટે કરેલ તેની તેમને ખબર નથી. કાજલબેનના બનાવ પહેલા કાજલબેન વીશે તેમને કાઇ જાણવા મળેલ નહી. વધુમાં સાહેદ જણાવે છે કે, એવું બનેલ નહી કે કાજલબેન વીશે તેમને જાણવા મળ તેઓએ તે વીશે ખરાઇ કરેલ હોય અને ત્યારબાદ કાજલબેનને મળીને તેઓએ સમજાવેલ હોય અને કાજલબેન વિશે તેઓએ બીજા કોઇને પણ કાઇ વાતચીત કરેલ હોય. કાજલબેનનો મોબાઇલ કોઇ વ્યકિત તેમના ઘરે તેમના મમ્મીને આપી ગયેલ હોય તેવું પણ બનેલ નહી. બનાવ બાબતે તેઓ બીજું કાઇ જાણતા નથી. આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત સાહેદ જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાત સ્વીકારે છે કે, કાજલબેને શું કારણે આત્મહત્યા કરેલી તેની તેમને જાણ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની સરતપાસ કે ઉલટ તપાસમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. તેઓને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવ્યા છે. વધુમાં આ કામે કોઇ સ્યુસાઇડ નોટ પણ રજુ થયેલ નથી કે આરોપીના ત્રાસના કારણે જ ગુજરનાર

કાજલબેને ગળે ટુંપો ખાઇ આપઘાત કરેલ હોય તેવી હકીકત પણ તેઓ જણાવતા નથી. આ સાહેદ બનાવ બાબતે બીજું કાઇ જાણતા ન હોવાનું જણાવે છે તેમજ કાજલેબેને શું કારણે આત્મહત્યા રેલી તેની તેમને જાણ ન હોવાનું ઉલટ તપાસમાં સ્વીકારે છે. આમ સદરહું સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૭.૪)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.પ <u>આંક–૨૩</u> થી મરણજનાર કાજલબેનના પતીના <u>ભાઇ સાહેદ–જયેશ લાખણશીભાઇ કુછડીયા</u>ની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓ જણાવે છે કે, તેમના ગુજરનાર કાજલબેનનો બનાવ આશરે નવેક મહીના પહેલા બનેલો અને તે તેના ઘરે ટુપો ખાતા સારવાર દરમીયાન તેનું મરણ નીપજેલ. આ કાજલબેને આત્મહત્યા શા માટે કરેલ તેની તેમને ખબર નથી અને તેમને કાઇ જાણવા પણ મળેલ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, એવું બનેલ નહી કે કોઇ વ્યકિત તેમના ઘરે તેમની ગુજરનાર બહેનનો મોબાઇલ ફોન તેમના મમ્મીને આપી ગયેલ હોય તેમજ તેમના બહેનના મોત બાબતે તેમને તપાસ કરતા પાછળથી કાઇ હકીકત જાણવા મળેલ હોય. આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ હકીકત સાહેદ જણાવતા નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાત સ્વીકારે છે કે, કાજલબેને શું કારણે આત્મહત્યા કરેલી તેની તેમને જાણ નથી.

આમ, આ સાહેદની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓની સરતપાસ કે ઉલટ તપાસમાં આરોપીને બનાવ સાથે સાંકળે તેવી કોઇ હકીકત જણાવતા નથી. તેઓને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવ્યા છે. વધુમાં આ કામે કોઇ સ્યુસાઇડ નોટ પણ રજુ થયેલ નથી કે આરોપીના ત્રાસના કારણે જ ગુજરનાર કાજલબેને ગળે ટુંપો ખાઇ આપઘાત કરેલ હોય તેવી હકીકત પણ તેઓ જણાવતા નથી. આ સાહેદ બનાવ બાબતે બીજું કાઇ જાણતા ન હોવાનું જણાવે છે તેમજ કાજલેબેને શું કારણે આત્મહત્યા રેલી તેની તેમને જાણ ન હોવાનું ઉલટ તપાસમાં સ્વીકારે છે. આમ સદરહું સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

**(૧૭.૫)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૬ આંક–૨૬ થી મરણજનાર કાજલબેનની લાશનું પી.એમ.કરનાર મેડીકલ ઓફીસર–ડો. નીરાલી રાજશીભાઇ ઓડેદરાની સમગ્ર જુબાની લક્ષમાં લેતા તેઓએ તેમની ફરજના ભાગરૂપે પી.એમ.દરમ્યાન કરેલ કાર્યવાહી સબંધેનો પુરાવો રજુ રાખેલ છે. તેમજ મરણજનારના મૃત્યુના કારણમાં ગળે ફાસો ખાવાને લીધે હદય અને ફેફસાને ઓકસીજન ન મળતા હદય અને ફેફસા ફેઇલ થવાની થયેલ હોવાનું જણાવી તેમની જુબાની દરમ્યાન પી.એમ.નોટ રજુ રાખેલ છે. આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો ઇન્કાર કરે છે કે તેઓએ કોઇ પી.એમ. રીપોર્ટ તૈયાર કરેલ ન હોય અને ખોટી જુબાની આપે છે.

**(૧૭.૬)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૭ આંક–૭૭ થી જાણવા જોગની તપાસ કરનાર નાયબ પોલીસ અધિક્ષક –સુરજીત ઘનશ્યામભાઇ મહેડુની સમગ્ર જુબાની લક્ષમાં લેતા બગવદર પો.સ્ટે. જાણવા જોગ નં. ૧૧/૨૦૨૫ ની તપાસ તેઓએ સંભાળી અને લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા તથા તે દરમ્યાન ભોગ બનનારનું મૃત્યુ નીપજતા એ.ડી. નં. ૩૦/૨૫ દાખલ થયેલ અને તે તપાસ તેઓએ સંભાળી બનાવ સ્થળનું પંચનામું કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. ત્યારબાદ મરણ જનારના પતી નીલેષભાઇ રામદેભાઇ કારાવદરાએ તેઓ રુબરુ ફરીયાદ જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબની ફરીયાદી તેઓએ લીધેલી. બાદ તેઓએ અસલ ફરીયાદ ગુનો દાખલ કરવા માટે પી.એસ.ઓ. બગવદરને મોકલી આપેલ તે હકીકત પુરવાર થાય છે.

**(૧૭.૭)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૮ આંક–૭૮ થી એ.એસ.આઇ.–નીતેશ કરશનભાઇ સાદીયાની સમગ્ર જુબાની લક્ષમાં લેતા જે. એમ. વ્યાસ બીટ ઇન્ચાર્જે પોતાના રુબરુ નીલેષભાઇ રામદેભાઇ કારાવદરાની લીધેલ જાહેરાત પો.સ્ટે. તેઓ તરફ મોકલતા તેઓએ ઇગુજકોપમાં એન્ટ્રી કરેલ અને આગળની તપાસ ના.પો.અધિક્ષક ગ્રામ્યને સોપેલી. બાદ નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ સાહેબે નીલેષભાઇ રામદેભાઇ કારાવદરાની પોતાના રુબરુ ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા માટે મોકલેલ જે પી.એસ.આઇ. એ.એસ.બારાએ તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૨૮ થી ગુ.ર.નં. પાર્ટ–એ

૧૧૨૧૮૦૦૩૨૫૦૩૬૧/૨૦૨૫ થી ગુનો દાખ કરી આગળની તપાસ જાતેથી સંભાળી લીધેલ તે હકીકત પુરવાર થાય છે.

(૧૭.૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૯ આંક–૮૦ થી તપાસ કરનાર અધીકારી–આશીસકુમાર સુરમાજી બારાની સમગ્ર જુબાની લક્ષમાં લેતા સને–૨૦૨૫ મા તેઓ પીએસઆઈ તરીકે બગવદર પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા. તે દરમીયાન નાયબ પોલીસ અધીક્ષક સુરજીત મહેડુ સાહેબે ફરીયાદી નીલેષભાઈ રામદેભાઈ કારાવદરા ની પોતાના રુબરુ લીધેલ ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા માટે તેમજ આગળની તપાસ માટે તેમના તરફ મોકલતા તેઓએ સ્ટેશનડાયરીમા ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સંભાળી લીધેલ. આ કામમા જાણવા જોગ નં.૧૧/૨૫ તથા એ.ડી નં.૩૦/૨૫ ના કામે થયેલ તપાસથી તેઓ વાકેફ થયેલ અને આ કામની ફરીયાદ પણ વંચાણે લીધેલ. તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. મરણ જનારની પી.એમ નોટ આવી જતા આ કામમા નામેલ રાખેલ. તેમજ ભોગ બનનારે ડો.જાડેજા હોસ્પીટલ એન્ડ આઇસીયુ મા સારવાર લીધેલ તેના સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આરોપી અજય બાલુ કારાવદરા ને પંચનામાની વીગતે અટક કરેલ અને તેની સ્ટેશનડાયરીમા નોંધ કરવા માટે પીએસઓ બગવદર ને યાદી કરેલ. મરણ જનાર નો મોબાઈલ ફોન તથા આરોપીના મોબાઈલ ફોન પંચનામાની વીગતે તપાસ અર્થે કબજે લીધેલ તેમજ તેનુ ઇસાક્ષી સર્ટી તૈયાર કરી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આ કામે મરણ જનાર તથા આરોપીના સીડીઆર એસડીઆર મળવા ના.પો.અધીક્ષક ગ્રામ્ય ને રીપોર્ટ કરેલ તેમજ એલસીબીને પણ રીપોર્ટ કરેલ. તેમજ પોલીસ અધીક્ષક પોરબંદર દવારા નોડલ ઓફીસર એરટેલ લીમીટેડ અમદાવાદ ને સીડીઆર એસડીઆર ની સર્ટીફાઇડ કોપી મળવા પત્ર લખેલ. તેમજ તે બંને ફોનની કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આ કામે તપાસ દરમીયાન કબજે કરવામાં આવેલ મુદામાલ ના પરીક્ષણ માટે સત્તાના પ્રમાણપત્ર સાથેની મુદામાલ રવાનગી નોંધ તૈયાર કરી એફએસએલ મા મુદામાલ મોકલાવેલ જેની પહોચ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ. તેમજ આ કામનો મુદામાલ પરીક્ષણ અહેવાલ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ. આરોપી સામે પુરતો પુરાવો હોય નામ. કોર્ટમા ચાર્ઝશીટ કરેલુ. સાહેદ મુદામાલ જોઈ જણાવે છે કે, તે તપાસ દરમીયાન કબજે કરવામાં આવેલ તે જ છે. આરોપીને સાહેદ વી. સી. મારફત

ઓળખી બતાવે છે.તપાસના કામે તેઓએ સાહેદ લાખણશીભાઇ અરજણભાઇ કુછડીયા, સાહેદ ગીગીબેન વા/ઓ. લાખણશીભાઇ કુછડીયા, સાહેદ જયમલ દેવશીભાઇ કારાવદરા, સાહેદ જયેશ લાખણશીભાઇ કુછડીયાનાઓના નિવેદનો લીધેલા.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરુપ જાતે લખી લીધેલા તથા પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરેલ છે અને પાછળથી પંચોની સહી લીધેલ છે. તેઓએ એ વાતનો ઇન્કાર કરેલ કે, કોઇ પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્ઝશીટ કરેલ છે.

**(૧૭.૯)** આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના ફરીયાદી કે જે મરણજનારના પતિ છે તેમજ સાહેદ–લાખણશીભાઇ અરજણભાઇ કુછડીયા કે જે મરણજનારના પિતા થાય છે તથા સાહેદ ગીગીબેન લાખણશીભાઇ કુછડીયા કે જે મરણ જનારના માતા થાય છે તથા સાહેદ જયમલ દેવશીભાઇ કારાવદરા કે જે મરણ જનારના ભાઇના મીત્ર થાય છે તથા સાહેદ જયેશ લાખણશીભાઇ કુછડીયા કે જે મરણ જનારના ભાઇ થાય છે તે તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આરોપી ધ્વારા મરણજનારને આપઘાત માટે દેષ્પ્રેરીત કરેલ હોય તેવી કોઇ બાબત તેમની જુબાનીમાં જણાતી નથી. તપાસ કરનાર અધીકારીની જુબાની લક્ષમાં લેતાં તેમાં એવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી કે, આ કામના આરોપીએ ગુજરનાર કાજલબેનને ત્રાસ આપેલ અને તેના કારણે કાજલબેને આપઘાત કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી.

**(૧૭.૧૦)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના આરોપીએ, આ કામના મરણજનારને દુઃખ ત્રાસ અવાર નવાર આપતા અને પોતાની સાથે સંબંધ રાખવા દબાણ કરેલ હોય અને જો ગુજરનાર તેમની સાથે સંબંધ ન રાખે તો તેણીને બદનામ કરી નાખશે તેવી ધમકીઓ આપતા ગુજરનારને લાગી આવતા તેણીએ દુપટ્ટા વડે ગળે ટુંપો દઇ આપઘાત કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી અને કોઇ પણ સાહેદ આ કામના આરોપીના ત્રાસા કારણે ગુજરનારે આપઘાત કરેલ હોય તેવું જણાવતા નથી. ફરીયાદી તથા સાહેદો ગુજરનાર કાજલબેને આત્મહત્યા શા માટે કરેલ તેની ખબર ન હોવાનું પણ જણાવે છે.

આ કામે તપાસવામાં આવેલા ફરીયાદી તથા અન્ય ચાર સાહેદોને ફરીયાદપક્ષ તરફે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ તેમ છતા ફરીયાદક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ બાબત સદર સાહેદોની જુબાનીમાં રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઇ વિગત આ સાહેદો જણાવતા નથી. વધુમાં આ તમામ સાહેદોએ આ કામના આરોપીના ત્રાસના કારણે જ આપઘાત કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી ત્યારે ગુજરનારને આરોપી સંબંધ બાંધવા માટે ત્રાસ આપતા હોય અને જો ગુજરનાર તેમની સાથે સંબંધ ન રાખે તો બદનામ કરવાની ધમકી આપતા હોય અને તેના કારણે ગુજરનારે ગળે ટુંપો દઈ આપઘાત કરેલ હોય તેવું સાબીત માની શકાય તેમ નથી. તેથી આ કામે ભારતીય ન્યાય સંહીતાની ૧૦૮ ની જોગવાઈના આવશ્યક તત્વો હાલના કેસમાં લુપ્ત છે જેથી પ્રસ્તુત કેસમાં કોઈ રીતે ભારતીય ન્યાય સંહીતાની કલમ-૧૦૮ આકર્ષાતી નથી તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે.

(૧૮) **State Of Gujarat vs Laxmanbhai Bhikhabhai Parmar, JUDGMENT DATED: 21/10/2022** નાં ચુકાદો વંચાણે લેતા તેમાં ઠરાવ્યુ છે કે ,

*25. From the entire evidence, the only incident which has come on record is that on 18/10/2009 at 8.30 p.m. the accused had threatened the husband of the complainant to kill him and this threat has been brought on record with a view to bring this case under the ambit of section 306 of the I.P.C. As stated above, except the words alleged to have been stated by the accused to the complainant and her son, no independent witness has been examined. No neighbours residing nearby has been examined as witness. It is also onrecord that abusing words alleged to have been used by the accused as per the complainant and witness Dilipbhai were not used to the complainant and her family members. As such the entire prosecution case rests upon abetment of suicide to the deceased by the accused for which only that single incident cannot be believed as per section 306 of I.P.C.*

(૧૮.૨) નામ. સર્વોચ્ચ અદાલત દવારા **Dasari Siva Prasad Reddy v. The Public Prosecutor,** (2004) 11 SCC 282 ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે ,

*"A strong suspicion, no doubt, exists against the appellant but such suspicion cannot be the basis of conviction, going by the standard of proof required in a criminal case. The distance between 'may be true' and 'must be true' shall be fully covered by reliable evidence adduced by the prosecution."*

**(૧૯)** આમ, ઉપરોકત પુરાવાકીય ચર્ચા તથા માનનીય ઉચ્ચ અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો, અવલોકનો તથા હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો લક્ષ્યમાં લેતા આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબની ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૮૫ તથા ૧૦૮ મુજબના ગુનામાં સમાવિષ્ટ આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોવાનું આ અદાલતનું માનવુ છે. આથી સદરહુ પુરાવાઓની વિશેષ ચર્ચા ન કરતા હાલના કેસમાં રજુ થયેલ પુરાવાઓ તથા ઉપરોકત ચર્ચા આધારે આ એવા તારણ ઉપર આવે છે કે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધની તહોમત માહેની હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીને સદરહુ ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો ન હોય, મુદ્દા નં. ૨ નો નિર્ણય 'નકારમાં' ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩</u>**

**(૨૦)** આમ, ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ બાબતે કારણોની ચર્ચા અનુસંધાને મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો ‘આખરી હુકમ’ ફરમાવવામાં આવે છે:

**<u>આખરી હુકમ</u>**

(૧) હાલના સેશન્સ કેસ નં.**૭૯<u>/૨૦૨૫</u>** ના કામના **આરોપી–અજય બાલુભાઈ કારાવદરા**ને બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૮(૧) અન્વયે તેમની સામે બગવદર પો.સ્ટે. ગુના રજી. અ.ક્રમાંકઃ ૧૧૨૧૮૦૦૩૨૫૦૩૬૧/૨૦૨૫ ના ભારતીય ન્યાય સંહિતાની **<u>કલમ–૧૦૮</u>** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી હાલ જેલમાં હોય તેમની અન્ય ગુના કામે જરુરત ન હોય તો તેઓને જેલમુકત કરવા.

(૩) આ ગુના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ – કાળા કલરનો વીવો કંપનીનો મોબાઇલ ફોન જે આ કામના આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ હોય અપીલ સમય વિત્યે જો અપીલ થયેલ ન હોય તો તે મુદ્દામાલ મોબાઇલ આરોપીને યોગ્ય ખરાઇ કરી સોંપી આપવો.

(૪) આ ગુના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૨ – કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઇલ ફોન જે આ કામના મરણ જનારનો મોબાઇલ હોય તે

ફરીયાદી/ગુજરનારના પતિને અપીલ સમય વિત્યે જો અપીલ થયેલ ન હોય તો તે મુદ્દામાલ મોબાઇલ ફરીયાદીને માલીકીની યોગ્ય ખરાઇ કરી સોંપી આપવો.

(૫) અપીલ સમય વિત્યા બાદ કબજે લેવાયેલ મુદામાલ ગ્રે સફેદ તથા કબુતરી કલરની ડીઝાઇનવાળી ચુંદડી નિયમાનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭–એ ની જોગવાઇ અન્વયે આરોપીએ રૂા.૧૫,૦૦૦–૦૦(અંકે રૂા.પંદર હજાર પુરા) ના જાત મુચરકા અને તેટલી જ રકમના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તા.૨૨ મી, માહે. મે, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોરબંદર.
તા.૨૨/૦૫/૨૦૨૬

**(એમ. એ. ભટ્ટી)**
સેશન્સ જજ, પોરબંદર.
(UID NO GJ01506 )